स्वराज की शाला - शिशुविहार 75
स्थापना १९३९
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૨ • ૧૫ માર્ચ ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ગ્રામ શાળાઓની વિદ્યાર્થિનીઓની સ્વ-નિર્ભરતા માટે શિશુવિહારથી પ્રયત્ન



શિશુવિહાર સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૦થી પ્રારંભાયેલ મહિલા ઉત્કર્ષ સહાય અંતર્ગત છેલ્લા ૨૨ વર્ષમાં ૩૪૯૯ બહેનોને ૨૬,૦૧,૮૦૦/-થી વિદ્યાત્તેજક સહાય તેમજ ૩,૪૫૭ બહેનોને રૂપિયા ૨૯,૦૬,૧૨૮/- સ્વ-રોજગાર સાધન સહાય પહોંચાડવામાં આવી છે. સંસ્થાની ભાવનગર શહેર માટેની મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ ગ્રામાભિમૂખ કરતા વર્ષ ૨૦૨૧માં બેલા અને મણાર શાળામાં યોજાયેલ કાર્યક્રમ થકી ૨૦૦ બહેનોને રૂપિયા ૬ લાખની શિક્ષણ સહાય તથા વિશ્વ વાત્સલ્ય માનવસેવા (બગસરા-અમરેલી)માં બહેનોને રોજગાર તાલીમ માટે ૧૦ સીવણ સંચા આપવામાં આવ્યા છે.

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

✿ પ્રકાશન સ્થળ ✿

શ્રી માનભાઈ ભટ્ટ • સ્થાપક : શિશુવિહાર

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850

વર્ષ ૨૦૨૨ના શૈક્ષણિક સત્રના પ્રારંભે પૂર્વ નિમંત્રણ અનુસાર સરસ્વતી મંદિર (બાબાપુર-અમરેલી) ત્યારબાદ ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલામાં ૧૦૦-૧૦૦ બહેનોને શૈક્ષણિક સહાય પહોંચાડવા આયોજન કર્યુ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨માં ગ્રામ શાળામાં ચાલતા સ્કિલ ટ્રેનિંગનાં આઉટકમ (નમૂના)નું પ્રદર્શન અને ઉત્તમ દેખાવ કરનાર બહેનોને પુરસ્કૃત કરવા સાથે સંસ્થાગત જરૂરિયાત અનુસાર પ્રતિવર્ષ રૂપિયા બે લાખની મર્યાદામાં રોજગારલક્ષી સાધન સહાય આપવાનું આયોજન છે.

જિલ્લાની નઈ તાલીમ સાથે જોડાયેલ ૧૦ શાળા-મહાશાળાઓમાં હૉસ્ટેલમાં રહી શિક્ષણ લેતી ધોરણ ૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓને સ્વ-નિર્ભર કરવાના હેતુ સંબંધે સંસ્થા સંચાલકો સાથે એક બેઠક ૧૨ ફેબ્રુઆરીએ યોજાઈ. જેમા લોક કલ્યાણ વિદ્યાલય-માઈધાર, કન્યા છાત્રાલય-બેલા, વિનયવિહાર કેળવણી મંડળ-વાળુકડ, ઉત્તર બુનિયાદી વિદ્યાલય-શેત્રુંજી ડેમ, ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-મણાર, સર્વોદય સરસ્વતી મંદિર-બાબાપુર, લોકસેવા ટ્રસ્ટ સંચાલિત કન્યા વિદ્યાલય-વળાવડ, લોકભારતી-સણોસરા, ગ્રામ દક્ષિણામૂર્તિ -આંબલા, કૃષ્ણ ઉત્તર બુનિયાદી-બોરડાના પ્રતિનિધિશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકનાં પ્રારંભે શિશુવિહાર સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવેએ સહુનું પુસ્તક સંપુટથી સ્વાગત કર્યું હતું. સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે બેઠકનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, નઈ તાલીમના સંસ્થાગત માધ્યમથી આપ સર્વ સમાજનો ઉત્કર્ષ સાધી રહ્યા છો ત્યારે આપને ત્યાં નિવાસી બહેનોને સ્વાવલંબી થવામાં શિશુવિહાર મદદરૂપ થવા માગે છે. આ ઉપક્રમે ઉપસ્થિત સંસ્થા સંચાલકોએ નિવાસી બહેનોને સીવણ (ફેશન ડિઝાઈન), કમ્પ્યૂટર, સ્પોકન ઈંગ્લિશ, ડ્રાઈવિંગ, સાબુ-અગરબત્તી તૈયાર કરવા, બ્યુટિપાર્લર સંબંધિત તાલીમ, સંગીત, રસોઈ, માતૃત્વ અને બાળઉછેર, આયુર્વેદિક ઔષધિ, નર્સરી વિકાસ, પંચગવ્ય ઉત્પાદન તાલીમ, જૈવિક ખેતી, વેલ્યુ એડિશન પ્રોડક્ટ (ટોમેટો કેચઅપ, લીંબુ, ફળોનો સ્કવોશ), વાયરમેન, પ્લમ્બિંગ, ફર્સ્ટએડ અને ડિઝાસ્ટર તાલીમ, કારપેન્ટ્રી, અલંગ શીપયાર્ડમાંથી ઉપલબ્ધ સામાન દ્વારા આર્ટિકલ મેકિંગ, સિક્યોરિટી તાલીમ, સ્પર્ધાત્મક પરીક્ષા માટે પૂર્વ તૈયારી પ્રકારની તાલીમો યોજવા સૂચવ્યું હતું.

નઈ તાલીમની ૧૦ સંસ્થાઓનાં સંચાલકશ્રી સાથેની તાલીમ અમલીકરણ અંગેની વિસ્તૃત વિચારણા બાદ હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૧ની બહેનો માટે જીવનલક્ષી તાલીમ યોજવા, સંસ્થા દીઠ ૨૫ બહેનોને રોજના ૪ કલાક માટે ૬ દિવસ કૌશલ્ય પ્રવૃત્તિ આપવા તથા

મૂલ્ય શિક્ષણ, સ્વાવલંબનલક્ષી ઉત્પાદક શ્રમ, આત્મરક્ષણ પ્રકારે વિષયોમાં ૧૮ પ્રકારની આવડતો વિકસાવવા એક અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો

સંસ્થા દર્શન તથા ભોજન બાદ સહુનો આભાર માની કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## નઈ તાલીમની શાળાઓમાં હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૧ની ૨૫ બહેનો માટે ૬ દિવસ માટે ૨૭ કલાકની જીવન શિક્ષણલક્ષી ૧૮ તાલીમની સૂચિ

**સંચાલનઃ નઈ તાલીમના નિષ્ણાત શિક્ષકો, શિશુવિહાર સંસ્થા તથા તજજ્ઞો**

- **મૂલ્ય શિક્ષણનાં ઉદ્દેશ હેઠળ આવરી લીધેલ તાલીમઃ**

1. માતૃત્વ અને બાળ ઉછેર 2. ઘર વપરાશનાં મસાલાનો ઔષધીય ઉપયોગ
3. કિચન ગાર્ડન અને તેનું વિજ્ઞાન 4. સ્વ-બચત અને રોકાણ
5. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીની રીત 6.સ્વરક્ષણ અને સ્વબચાવની તાલીમ

- **સ્વાવલંબન અને ઉત્પાદક શ્રમલક્ષી તાલીમઃ**

1. પંચગવ્ય અંગેની ઉત્પાદન તાલીમ 2. બ્યુટી ટ્રીટમેન્ટ અંગેની તાલીમ
3. ટોમેટો કેચઅપ, સ્ક્વૉશ અને અથાણાં તૈયાર કરવા 4. સીવણ તાલીમ
5. મુખવાસ, ચા અને ચાટ મસાલા તૈયાર કરવાની તાલીમ
6. રાખડી, હેરબ્રોચ, મીણબત્તી અને અગરબત્તી તૈયાર કરવાની તાલીમ

- **ગૃહ સંચાલન અંગેની તાલીમઃ**

1. ફર્સ્ટએડ તાલીમ 2. આપત્તિ નિવારણ તાલીમ
3. વાયરમેન તાલીમ 4. પ્લમ્બિંગ તાલીમ 5. સુથારી તાલીમ
6. મહિલા આયોગનાં નિયમોમાં જોગવાઈની જાણકારી અંગેની તાલીમ

## પગરખાં પરબ

શ્રી ઉષાબહેન ચંદ્રવદન શાહનાં સહયોગથી સતત છઠ્ઠા વર્ષે જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું. ઘરકામ, મજૂરી કામ સાથે પોતાના બાળકોનો સ્વસ્થ ઉછેર કરતા જાગૃત વાલીઓ માટેનાં વિતરણ કાર્યક્રમ સમયે શહેરના જાણીતા પત્રકાર શ્રી બકુલભાઈ ચાતુર્વેદી તેમજ શ્રી વિપુલભાઈ હીરાણી ઉપસ્થિત રહી ગરીબ પરિવારોને ચપ્પલનું વિતરણ કરેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી રાજુભાઈ દવે, ટ્રસ્ટી





શ્રી શબનમબહેન કપાસી, શ્રી નિર્મોહીબહેન ધ્રુવ, શ્રી વંદનાબહેન મૂકેશભાઈ ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં ૨૫૦થી વધુ બાળકો અને તેના વાલીઓને સંબોધતા સાહિત્યકાર શ્રી નીતિનભાઈ ત્રિવેદીએ મા-બાપ બાળકો માટે શાળા બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી હીનાબહેન તથા શ્રી અંકિતાબહેન ભટ્ટે સંભાળ્યુ હતું.







# શિશુવિહારનું અભિવાદન



ભાવનગર નાગરિક સહકારી બેંકના ૬૮મા સ્થાપના દિન પ્રસંગે શિશુવિહાર સંસ્થાને શ્રી મનીષભાઈ દોશીના વરદ્દહસ્તે રૂપિયા ૩૦,૦૦૦/-ની રાશિથી સન્માનિત કરવામાં આવી.

નાગરિક બેંકના મધ્યસ્થ ખંડમાં તારીખ ૮ ફેબ્રુઆરીએ યોજાયેલ સમારોહમાં શિશુવિહાર સંસ્થાના સહમંત્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ તથા શ્રી હીનાબહેન ઉપસ્થિત રહ્યા હતા. શહેરની સાતેક સેવાકીય સંસ્થાઓ સાતત્યપૂર્ણ રીતે જનહિતાર્થે સાચી દિશામાં સેવા કાર્ય કરી શકે તેવા શુભ આશયને બળ આપતા નાગરિક બેંકની સહાયમાંથી શિશુવિહાર સંસ્થા આગામી સમયમાં ૪૫૦મો નેત્રયજ્ઞ યોજી 'દર્દી દેવો ભવ:'ની લાગણીને સાર્થક કરશે તથા સેન્ટ્રલ આઈ હૉસ્પિટલના ચીફ મેડિકલ ઑફિસર શ્રી વર્મા સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં ભાવનગર નાગરિક બેંકનું અભિવાદન કરનાર છે.

વર્ષ ૧૯૬૮થી સતત રીતે ચાલતી શિશુવિહારની પ્રભુકૃપા નેત્રયજ્ઞ સેવાથી ૧.૫ લાખ ગરીબોને વિનામૂલ્યે આંખ તપાસ, જરૂરી સલાહ તથા ૧૯૦૦૦ દર્દીઓ વિનામૂલ્યે કેટરેક્ટ સર્જરીથી લાભાન્વિત થયા છે, જે અતિ નોંધનીય બને છે.



# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• જિલ્લા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનાં ઉપક્રમે તારીખ ૧૨ ફેબ્રુઆરીએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ. શિશુવિહાર રંગમંચ ઉપર સવારે ૧૦ થી મોડી સાંજ સુધી ચાલેલ વિવિધ સાંસ્કૃતિક અને કૌશલ્ય સ્પર્ધાઓમાં જિલ્લાની વિવિધ શાળાઓનાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને પોતાનાં કૌશલ્યનું નિદર્શન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી સીમાબહેન ગાંધીનાં માર્ગદર્શન તળે યોજાયું.



• સૌમ્ય કરાઓકે ક્લબ આયોજિત હિન્દી ફિલ્મોના લોકપ્રિય ગીતોનો કાર્યક્રમ 'દિલ કી આવાઝ' સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. તારીખ ૧૩ ફેબ્રુઆરીએ ડૉ. એન.પી. કુહાડિયા સંચાલિત કાર્યક્રમને માણવા માટે ૨૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

• ભાવનગર શહેર અને તળાજા- મહુવા કેન્દ્રના રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ બહેનોનાં કૌશલ્યનું પ્રદર્શન અને વેચાણ તારીખ ૧૯ ફેબ્રુઆરીએ સંસ્થાના વાનાણી એર કન્ડિશનર હૉલમાં યોજાયું. સવારે ૯ થી રાત્રિના ૯ સુધી યોજાયેલ પ્રદર્શન કમ સેલનો લાભ લેવા ૬૦૦થી વધુ બહેનો બાળકો સાથે મુલાકાતે આવી બહેનોના કૌશલ્યને પ્રોત્સાહિત કરેલ.



• શ્રી પ્રમોદભાઈ વોરા સંચાલિત ૮૮મો સાયકલ વિતરણ કાર્યક્રમ તારીખ ૨૦ ફેબ્રુઆરીએ સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોના વરદ્દહસ્તે ૨૩ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે ૭૦થી વધુ વાલીઓ પધાર્યા હતા.



• સૂર સંગમ સંસ્થાનો ૫૫મો સંગીત સંધ્યા કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર ૨૦ ફેબ્રુઆરીએ યોજાયો. સૂર સામ્રાજ્ઞી ભારતરત્ન સ્વ. લતા મંગેશકરની પુણ્ય સ્મૃતિમાં યોજાયેલ વિશેષ કાર્યક્રમનું સંકલન શ્રી ખુશનમભાઈ જોશી, શ્રી ભાવનાબહેન પંડયા તથા શ્રી દેવેન્દ્રભાઈ મહેતાના અથાગ પ્રયત્નથી યોજાયું. ભાવનગરના કલા જગત માટે એક અવિસ્મરણીય કાર્યક્રમને માણવા માટે ૩૫૦થી વધુ શ્રોતાઓ વિશેષ નિમંત્રણથી પધાર્યા હતા.




• રોટરી ક્લબ રાઉન્ડ ટાઉન અને અંતરસિક લલિત કલા ફાઉન્ડેશન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા.૨૬ ફેબ્રુઆરીએ સવારના ૯ થી ૧૨ દરમિયાન શિશુવિહાર સંસ્થામાં વૉકેશનલ ઍવોર્ડ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાવનગરની વિવિધ શાળાઓના ૧૨૦ વિદ્યાર્થીઓને નેતૃત્વની તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ભાવનગરની સેવા સંસ્થા 'કામધેનુ ગૌશાળા' તથા 'ભાવવંદના'ની સામાજિક સેવાની નોંધ લઈ તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી આનંદ મણિયાર તથા શ્રી ભરતભાઈ મોણપરાને રોટરી વૉકેશનલ ઍવોર્ડથી સન્માનિત કરી તેઓની સેવાને બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણ સાથે જીવન કૌશલ્ય દ્વારા વધુને વધુ આત્મવિશ્વાસુ બને, તેઓ માનવીય મૂલ્યોને જીવનમાં અપનાવતા થાય તેવા શુભ ઉદ્દેશ સાથે શ્રી હરેશભાઈ એચ. ભટ્ટના સંકલન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ યુવાનો જોડાયા હતા. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમ નવી પેઢી માટે માર્ગદર્શક બની રહેલ.






• સંતસેવા ઍજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે સારસ્વત ગ્રુપથી પ્રારંભિક બેઠક તારીખ ૨૬ ફેબ્રુઆરીએ સંસ્થા પ્રાંગણમાં મળી. પરિવારોમાં સ્વાસ્થ્ય, આનંદ અને સર્જનશિલતા જળવાઈ રહે અને વિકસતી રહે તેવા શુભ આશયથી શ્રી નરેન્દ્રભાઈ પનારાના માર્ગદર્શનમાં પ્રતિમાસ યોજનાર બેઠકના પ્રારંભે પરિવારના ૨૫૦થી વધુ સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી સહભોજનનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટે શિશુવિહારની ૮૩ વર્ષની સેવાયાત્રાની વાત મૂકી ઉપસ્થિત તમામ નાગરિકોને સંસ્થા સામયિકથી લાભાન્વિત કરેલ.



• નટરાજ કલા સંસ્થાનો ૧૨૩મો સંગીત સંધ્યા કાર્યક્રમ ૨૭ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર યોજાય ગયો. ૩૦૦થી વધુ શ્રોતાઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનું સંકલન શ્રી પિન્કીબહેન કેતનભાઈ આવસત્થીએ કર્યુ હતું.

## આરોગ્ય

## ૪૩૨ તથા ૪૩૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:





શ્રી નીલકમલ ફાઉન્ડેશનના સૌજન્યથી શિશુવિહાર સંસ્થામાં ૪૩૨મો નેત્રયજ્ઞ તેમજ શ્રી ચંદ્રશંકર અમૃતલાલ દવેનાં સૌજન્યથી ૪૩૩મો નેત્રયજ્ઞ તારીખ ૨૫ ફેબ્રુઆરીએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.




ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૬૫ દરદીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી શુભમ્ મહેતાની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. શ્રીમતી મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોર ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૪૮ દરદીઓને બે તબક્કે એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

દરદી દેવો ભવ:ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## વયસ્કો માટે ૩૨૨મી દૃષ્ટિચકાસણી શિબિર:




સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ફેબ્રુઆરી માસમાં ૯૮ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી મીનાબહેન મકવાણા







## સુમીટોમો કેમિકલ્સ પ્રા. લિમિટેડનાં સૌજન્યથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં દષ્ટિ ચકાસણી અને ચશ્માં વિતરણ કાર્યક્રમ

| શિબિર ક્રમાંક | ફેબ્રુઆરી તારીખ | શાળા નંબર અને વિસ્તાર | દૃષ્ટિ ચકાસણી સંખ્યા | ચશ્માં વિતરણ સંખ્યા |
|---|---|---|---|---|
| ૭૬૨ | ૧૪ | ૩૭ હલુરિયા ચોક | ૩૪ | ૧૫ |
| ૭૬૩ | ૧૪ | ૩૩ દિવાનપરા | ૨૯ | ૧૧ |
| ૭૬૪ | ૧૫ | ૩૬ હલુરિયા ચોક | ૩૪ | ૨૦ |
| ૭૬૫ | ૧૫ | ૩૧ દિવાનપરા | ૨૫ | ૦૭ |
| ૭૬૬ | ૧૬ | ૩૦ નવાપરા | ૪૨ | ૧૫ |
| ૭૬૭ | ૧૬ | ૨૮ રસાલા કેમ્પ | ૪૬ | ૧૫ |
| ૭૬૮ | ૧૭ | ૧૯ દીપક ચોક | ૩૩ | ૧૫ |
| ૭૬૯ | ૧૭ | ૨૪ સુભાષનગર | ૪૮ | ૨૦ |
| ૭૭૦ | ૨૪ | ૪૭ મોતીબાગ | ૩૭ | ૧૭ |
| ૭૭૧ | ૨૪ | ૪૫ વોશિંગઘાટ | ૪૭ | ૧૩ |
| ૭૭૨ | ૨૬ | ૧૨ વાલ્કેટ ગેટ | ૩૮ | ૧૪ |
| | | એકંદર | ૪૧૩ | ૧૬૨ |

સંચાલક: શ્રી મીનાબહેન મકવાણા

## નિરમા લિમિટેડના સૌજન્યથી ભાલ કાંઠાના ગામ આણંદપરમાં દષ્ટિ ચકાસણી આરોગ્ય શિબિર

શિશુવિહારના ઉપક્રમે ૩૨૭મી દષ્ટિ ચકાસણી અને આરોગ્ય શિબિર ભાવનગર ભાલના કાંઠા વિસ્તારના ગરીબ લોકો માટે યોજવામાં આવેલ. નિરમા લિમિટેડના સૌજન્યથી તા.૨૮ ફેબ્રુઆરીના રોજ આનંદપર ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ આરોગ્ય તપાસમાં ૨૭ ભાઈઓ-બહેનોની આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવેલ.





જયારે ૨૫ ભાઈઓ-બહેનો, બાળકો અને માતાઓને ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા આરોગ્ય તપાસ અને જરૂરિયાત મુજબ દવા આપવામાં આવેલ. ગ્રામ પ્રાથમિક શાળાના ૨૩ બાળકોની હીમોગ્લોબિન તપાસ થઈ.



કાંઠા વિસ્તારનાં ગામોનાં આરોગ્ય કાર્યક્રમમાં નિરમા લિમિટેડના કાર્યકર શ્રી કલ્પેશભાઈ પટેલ, આણંદપર ગામના સરપંચ શ્રી ગોરધનભાઈ કંકોટિયા ઉપસ્થિત રહ્યા હતા. નિરમા લિમિટેડની સી.એસ.આર. એક્ટિવીટીના અધ્યક્ષ શ્રી જાખડેસાહેબના માર્ગદર્શન હેઠળ આણંદપર પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ગજેન્દ્રભાઈ તથા શિશુવિહાર સંસ્થાના કાર્યકર શ્રી હિનાબહેન, નિર્મોહીબહેન ભટ્ટ, મીનાબહેન મકવાણા, ભરતભાઈ મેર, ડૉ. પી.પી.ભટ્ટ, રેખાબહેન ભટ્ટ તેમજ રાજુભાઈ મકવાણાએ સેવા આપેલ.

સંચાલક: શ્રી મીનાબહેન મકવાણા

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. શ્રદ્ધાબહેન ધામેલિયાનાં કન્સલ્ટેશન હેઠળ ફેબ્રુઆરી માસમાં ૨૨૦ દરદીઓએ સારવાર લીધી હતી. તેમજ ફિટનેસ સેન્ટરમાં ૧૯ બહેનો અને ૧ ભાઈ આવ્યા હતા.

**શ્રી આરિફભાઈ કાલવા તરફથી બે બૅલ્ટ અને ૧ સેન્ડ બેગ મળેલ છે સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.**

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા



## શ્રી સુશિલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

ફેબ્રુઆરી માસમાં શ્રી સુશિલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવારે સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૧૧૨૮ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

# બાળ શિક્ષણ

## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:

માસ દરમિયાન બાલમંદિરમાં બાળકોની સરેરાશ હાજરી ૩૦ રહી હતી. સામૂહિક પ્રવૃત્તિમાં બાળકોને ક્રીડાંગણ, હળવી રમત પ્રકારની કામગીરી સાથે સાંકળવામાં આવ્યાં.

દાતા શ્રી દેવીન્દ્રાબહેન શાહ તથા શ્રી પંકજભાઈ પટેલ દ્વારા ભોજન તથા ૧૦ દાતાઓ અને વાલીઓ તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ.

માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે શિક્ષિકા શ્રી મનિષાબહેન કણબીનો જન્મદિવસ ઉજવવામાં આવેલ.

સંચાલક: શ્રી અંકિતાબહેન ભટ્ટ, ઉષાબહેન રાઠોડ

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

બાળકો તેનાં શરીરની ઈન્દ્રિયોનાં વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ સાથે જોડવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૩૫ ક્લે આર્ટ, ૧૩૬મા ઈલેક્ટ્રિક મશીન ઉપર થર્મોકોલ શેપ કટિંગ તાલીમ આપવામાં આવી. જેમાં ૪૦ બાળકોએ ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમનો પ્રારંભ થયો છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

સંચાલક :શ્રી હિમાંશુભાઈ શાહ

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

ફેબ્રુઆરી માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. માસ દરમિયાન બેઝ બૉલ, વૉલીબોલ, સર્કલબોલ પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી.સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના, ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ સોહમભાઈનો તથા સંસ્થા કાર્યકર શ્રી રશ્મિકાંત સાકરવાડિયાનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

ફેબ્રુઆરી માસમાં શ્રી રેખાબહેન શાહ તથા શોભનાબહેન બક્ષી, શ્રી કાંતાબહેન વૃજલાલભાઈ, ચિરાગભાઈ, નીરવભાઈ હસમુખભાઈ ગાંધી તરફથી વિદ્યાર્થીઓને પોષક આહાર આપવામાં આવેલ.

જીવનશિક્ષણ તાલીમ અંતર્ગત 'પંચતંત્ર'-'હિતોપદેશ' જેવી બોધવાર્તા-વાંચનની તાલીમ આપતા શ્રી નિર્મોહીબહેન ભટ્ટનાં માર્ગદર્શન નીચે ૩૮ બાળકો તાલીમ લઈ રહ્યાં છે.અવૈધિક તાલીમ નવી પેઢી માટે ઉત્સાહપૂર્વક બની રહે છે.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

### સંગીત વર્ગ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

### માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો. **શ્રી મીતાબહેન જીતેન્દ્રભાઈ શાહ તરફથી કમોડ ખુરશી તથા શ્રી કરુણાબહેન દિવાન તરફથી કમોડ ચેર અને ફોલ્ડિંગ પલંગ ભેટ સ્વરૂપે મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.**

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૧૦૫૭ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી પોપટભાઈ વેગડ



### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. ફેબ્રુઆરી માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન બે સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિ મહિલા મંડળ સીવણ તાલીમ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૪ રહી હતી.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ ફેબ્રુઆરીએ યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ જાન્યુઆરી માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

ફેબ્રુઆરી માસમાં ૨૫ વાચક સભ્યોએ ૭૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

આમુખ, નયન નીરખે ઊંડેરુ (શ્રી ભદ્રાબહેન સવાઈ), સ્વર સાધતા (), ૩૪ પુસ્તકો (શ્રી સુરેશભાઈ ભટ્ટ)

## પ્રચાર-પ્રસાર



### ફેબ્રુઆરી માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી જલ્પેશભાઈ ભટ્ટ- ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

## બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં તા.૨ ફેબ્રુઆરીએ ૨૧૬૫મી બેઠક યોજાઈ. કાવ્ય આસ્વાદ અંતર્ગત ડૉ. પરેશ સોલંકી દ્વારા ‘ભગવતીકુમાર શર્મા’ના કાવ્યોનો આસ્વાદ થયો. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું. ૨૧૬૬મી બેઠકમાં અવસર અભિવ્યકિત અંતર્ગત આઝાદી અમૃત મહોત્સવે ગૌરવગાથા વ્યકત કરતી રચના શ્રી ધર્મેશભાઈ મહેતા તથા કવયિત્રી અંજનાબહેન ગોસ્વામી દ્વારા પ્રસ્તુત થઈ. શ્રી હર્ષાબહેન ચૌહાણ દ્વારા અવસર અભિવ્યકિત રચનાઓનું પઠન થયું. ૨૧૬૭મી બેઠકમાં કવિ વકતવ્ય ઉપક્રમ અંતર્ગત કવિ શ્રી જીતુભાઈ ત્રિવેદી દ્વારા ગઝલગુરુ કવિશ્રી જટિલ વ્યાસની યાદગાર ઉત્તમ ગઝલ સ્વરાંકિત કરવામાં આવી જટિલભાઈના પરિવાર મિત્રો સર્વશ્રી શૈલેષભાઈ ભટ્ટ, યોગેશભાઈ પંડયા, નીતિનભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિ નોંધનીય રહી. ૨૧૬૮મી માસની અંતિમ બેઠક કવિશ્રી જયેશભાઈ ભટ્ટના સંચાલન થકી યોજાઈ. કવિ વિશેષ ઉપક્રમ અંતર્ગત શ્રી વિક્રમભાઈ ભટ્ટ દ્વારા માધવ રામાનુજના કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો. કવિશ્રી જયેશભાઈ ભટ્ટ દ્વારા કવિ શુન્ય પાલનપુરી, કવિ ત્રાપજકર (નાટયકાર) તરીકે તેમની પ્રતિભા, પ્રાણવાન કૃતિઓના શેર પ્રસ્તુત કરી કવિઓના જન્મદિને તેમની દિવ્યચેતનાને કાવ્યાંજલિ અર્પી. માસના ચારેય બુધવાર મળી કુલ ૬૨ રચના સાથે ૭૫ કવિઓની હાજરી રહી, અનેક સાહિત્યિક કાર્યક્રમ સહીત મહેમાન મહાનુભાવોના આગમન સાથે બુધસભા રસપ્રચુર રહી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા






**શિશુવિહાર પુસ્તકાલય તથા બુધસભાના ઉપક્રમે** ૨૭ ફેબ્રુઆરીએ ૨૦૬૯ બેઠક યોજાઈ. કાર્યક્રમના અતિથિ વિશેષ જાણીતા સૂફી શાયર શ્રી કાળુભાઈ બેલીમની વિશેષ ઉપસ્થિતિમાં ભાગવતાચાર્ય ડૉ. અનિલભાઈ મહેતા દ્વારા વકતવ્ય રજૂ થયું. શ્રીમદ્દભાગવતનું અદ્વિતીય મંગલા ચરણથી તમામ ચિત્તવૃત્તિઓ ભગવાદાભિમૂખ બને છે. ભાગવત શ્રવણથી ટૂંક સમયમાં સ્વરૂપાનુભવ થઈ જ જાય છે. તેવા ખ્યાલોને કાવ્યશૈલીમાં પ્રસ્તુત ર્ક્યા હતા. આ ઉપક્રમે સૂફીવાદી વિચારો ધરાવતા શાયર શ્રી કાળુભાઈ બેલીમ દ્વારા સૂફી સંત સારસ્વતોની સૂફીવાદી વિચારો ગઝલના આધારે વૈવિધ્ય અને ગહનતા, કાવ્યત્વના અનુભવોમાં સૌને તરબોળ ર્ક્યા હતા. આજની બેઠક માટે શ્રી ભરતભાઈ વાઘેલાનું સંચાલન રહ્યું હતું.

કાવ્યમાં નહીં પણ આચરણમાં ભક્તિ ઉતરે તેવી ભાવનાથી આ પ્રસંગે શ્રી મધુબહેન વસાણી દ્વારા અનાજ સહાય કીટ વિતરણ સહાયમાં પાંચ જરૂરિયાતમંદોએ લાભ લીધો હતો. શ્રી મધુબહેન વસાણીનું શ્રી હીનાબહેન




દ્વારા સન્માન કરવામાં આવ્યું. શ્રી દીપાબહેન જોષી, શ્રી પ્રીતિબહેન ભટ્ટ તેમજ શ્રી સુરેશભાઈ ભટ્ટ દ્વારા સંકલન કરવામાં આવ્યું. આ ઉપક્રમમાં ભાષા સાહિત્યમાં રસ ધરાવતા કવિ મિત્રોએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

શ્રી કૃણાલભાઈ પી. વસાવડા તરફથી કપડાં (પેન્ટ-શર્ટ) ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૧૨૮ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૦૯૯ અને ઈન્સ્ટાગ્રામમનાં followersની સંખ્યા ૩૮૬ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,00,000.00 | શ્રી ભાર્ગવભાઈ મહેતા | કન્યા કેળવણી સહાય |
| 50,000.00 | શ્રી પારુલબહેન મિલનભાઈ પરીખ | કન્યા કેળવણી |
| 30,000.00 | શ્રી તુષારભાઈ પ્રમોદચંદ્ર હેમાણી | સર્વાંગી સહાય |
| 30,000.00 | ભાવનગર નાગરિક સહકારી બેંક લિ. | નેત્રયજ્ઞ સહાય |
| 25,000.00 | શ્રી ભાવનાબહેન પરેશભાઈ શાહ | સર્વાંગી સહાય |
| 21,000.00 | શ્રી ભીમજીભાઈ ગોવિંદભાઈ નાકરાણી | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચે. ટ્રસ્ટ<br>હ. શ્રી જયંતભાઈ વાનાણી | નેત્રયજ્ઞ સહાય |
| 12,000.00 | શ્રી નિલેશભાઈ સૂચક | પોષક આહાર |
| 10,000.00 | શ્રી કિરીટભાઈ એલ. લાપસિયા | પ્રકાશન સહાય |
| 6,000.00 | શ્રી જયાબહેન ઝવેરચંદ શાહ | પોષક આહાર |
| 6,000.00 | સ્વ. ઊર્મિલાબહેન પ્રેમશંકરભાઈ રાજ્યગુરુ | પોષક આહાર |
| 5,000.00 | ડૉ. દેવીન્દ્રાબહેન શાહ | પોષક આહાર |
| 5,000.00 | શ્રી શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | પ્રકાશન સહાય |
| 5,000.00 | શ્રી હરસુખ બી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | પ્રકાશન સહાય |
| 5,000.00 | ડૉ. રુચિતાબહેન જશવંતરાય શાહ | પ્રકાશન સહાય |
| 5,000.00 | ડૉ. મુકુંદરાય જી. દેસાઈ | પ્રકાશન સહાય |
| 5,000.00 | રીવા એન્ટરપ્રાઈઝ | પોષક આહાર |
| 5,000.00 | શ્રી હસમુખભાઈ મૂળજીભાઈ ગાંધી | પ્રકાશન સહાય |
| 3,000.00 | શ્રી નીરવભાઈ શાહ | |



# શિવાનંદ આઈ હોસ્પિટલ વીરનગરનાં સહયોગથી વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞનું સુચિત આયોજન

**શિશુવિહારનાં સંસ્થાનાં ઉપક્રમે વર્ષ ૨૦૨૩ યોજાનાર પ્રભુકૃપા નેત્રયજ્ઞની વિગત**

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર<br>સૌજન્ય દાતાનું નામ | કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર<br>સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|---|---|---|
| ૪૫૪ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી | ૪૬૬ | ૨૮ જુલાઈ | સ્વ. કનુભાઈ શાહની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી સુધાબહેન શાહ |
| ૪૫૫ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી | ૪૬૭ | ૨૮ જુલાઈ | ...................... |
| ૪૫૬ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ. હીરાલક્ષ્મીની સ્મૃતિમાં<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા | ૪૬૮ | ૨૫ ઑગસ્ટ | ...................... |
| ૪૫૭ | ૨૪ ફેબ્રુઆરી | ...................... | ૪૬૯ | ૨૫ ઑગસ્ટ | ...................... |
| ૪૫૮ | ૨૪ માર્ચ | ...................... | ૪૭૦ | ૨૨ સપ્ટેમ્બર | ...................... |
| ૪૫૯ | ૨૪ માર્ચ | ...................... | ૪૭૧ | ૨૨ સપ્ટેમ્બર | ...................... |
| ૪૬૦ | ૨૮ એપ્રિલ | વડીલોની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી ભાવનાબહેન ભટ્ટ | ૪૭૨ | ૨૭ ઑક્ટોબર | ...................... |
| ૪૬૧ | ૨૮ એપ્રિલ | સ્વ. ચંદ્રશંકરભાઈની સ્મૃતિમાં<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા | ૪૭૩ | ૨૭ ઑક્ટોબર | શ્રી જશુમતીબહેન ન્યાલચંદ વકીલ<br>હ. સ્વ. નિર્મળભાઈ વકીલ,<br>શ્રી ભરતભાઈ વકીલ |
| ૪૬૨ | ૨૬ મે | સ્વ.તારાબહેન વડોદરીયાની સ્મૃતિમાં<br>હ.શ્રી ગુણવંતભાઈ વડોદરિયા | ૪૭૪ | ૨૪ નવેમ્બર | સ્વ. ભાગીરથીબહેની સ્મૃતિમાં<br>હ. ડૉ. કે. એમ. આચાર્ય |
| ૪૬૩ | ૨૬ મે | ...................... | ૪૭૫ | ૨૪ નવેમ્બર | ...................... |
| ૪૬૪ | ૨૩ જૂન | ...................... | ૪૭૬ | ૨૨ ડિસેમ્બર | સ્વ. ગુણવંતભાઈની સ્મૃતિમાં<br>હ. શ્રી સુનિલભાઈ વડોદરિયા |
| ૪૬૫ | ૨૩ જૂન | ...................... | ૪૭૭ | ૨૨ ડિસેમ્બર | ...................... |

**નોંધઃ** .......... દર્શાવેલ મહિનામાં દાતાશ્રીને શિબિર દીઠ રૂ.૨૦,૦૦૦/- આપી નેત્રયજ્ઞ નોંધાવવા સંસ્થાની વિનંતી છે.

**વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞ માટે શિબિર દીઠ ૨૦,૦૦૦/- આપી સહયોગ આપનાર દાતાશ્રીઓની સેવાવૃત્તિને બીરદાવતા શિશુવિહાર સંસ્થા આભાર માને છે.**

**સંપર્ક**

**શ્રી હીનાબહેન ભટ્ટ - મો. ૯૮૨૪૫૧૫૯૯૫**



# સ્વરાજયની શાળા શિશુવિહાર

## વર્ષ ૧૯૮૮માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૧




### જાન્યુઆરી

• **સદ્‌ભાવરી સહાય: (સંસ્થાને અપાતી સહાય કરમુકત છે)**

'માણસ જે રીતે પોતાના શરીરનું જતન કરે, તેનું પાલન-પોષણ કરે, તેજ રીતે સાર્વજનિક સંસ્થાઓને પણ પોતાની માનીને તેના વિકાસમાં ફાળો આપે તો જ પ્રજાનો સર્વાંગી વિકાસ થાય.' -ગાંધીજી

શિશુવિહારની જનસેવાની પ્રવૃત્તિઓમાં સહાયરૂપ બનવા, જનતા જનાર્દનની સ્વૈચ્છિક સહાયની નાનીમોટી સરવણી, સહાય વહેતી જ રહે છે. પરમાત્માની આવી કૃપા માટે સૌ દાતાઓનો આભાર. ડિસેમ્બર ૧૯૮૭માં મળેલ દાનની તથા દાતાઓના (મુખ્ય) નામની યાદી નીચે મુજબ છે.

રૂ.૧૦૦૦ શ્રી અનિલકુમાર ત્રિવેદી, પ્રકાશન સહાય, રૂ.૫૦૧ શ્રી દિવ્યજીવન સંઘ-ભાવનગર શાખા, રૂ.૨૫૧ શ્રી ભાનુબહેન દવે-ક્રીડાંગણ સહાય, રૂ.૧૦૧ સ્વ. અનંતરાય દીપચંદભાઈના સ્મરણાર્થે

• **ચક્ષુદાન-રકતદાન-દેહદાન:**

સખત ઠંડી હોય, પ્રખર તાપ હોય કે ધોધમાર વરસાદ, રાત હોય કે દિવસ હોય, પણ ચક્ષુદાનના ખબર આવે એટલે સો કામ પડતાં મૂકીને તરત દોડવું જ પડે. દવાખાનામાં રકતદાનની જરૂર હોય ત્યારે તાત્કાલિક રકતદાતાને લેવા નીકળી જ પડવું જોઈએ અને દેહદાનના સમાચાર મળતા તે અંગેની બધી તજવીજ જલ્દી કરવી જોઈએ. જનસેવાનાં આ કામો એવાં છે કે તે યુદ્ધને ધોરણે થવાં જોઈએ. તેને માટે હરઘડી જાગતા રહેવું પડે, સાવધ રહેવું પડે અને તૈયાર પણ રહેવું પડે. ચક્ષુદાનનાં સમાચાર મળે ત્યારથી શરૂ કરીને ચક્ષુદાન લેવાનું અને યોગ્ય સ્થળે સલામત પહોંચાડવાનું કામ ઘણી ચીવટ અને જહેમત માગી લે છે. દરદીને મૃત્યુનાં મુખમાંથી બચાવવા રકતદાનની માગણી આવે ત્યારે વિના વિલંબે રકતદાતાને લઈ ન જવાય ત્યાં સુધી નિરાંતનો દમ ખેંચી શકાતો નથી અને એ જ રીતે દેહદાન સ્વીકારવામાં અને તેને મેડિકલ કૉલેજમાં સહીસલામત પહોંચાડવામાં ઘણી વિધિઓ કરવી પડે છે. આ ભાવનાથી અને પ્રભુ પ્રીત્યર્થે કામ કરનારને માટે ગમે તેવી મુશ્કેલી કે કષ્ટ પણ આનંદદાયક બને છે. એટલે પૂરા આનંદથી શિશુવિહાર આ પ્રવૃત્તિઓ પ્રાણ રેડીને કરે છે. તેમાં જાહેર જનતાનો સાથ સહકાર સારો મળી રહે છે એ સંસ્થાનું સદ્‌ભાગ્ય છે. -માનભાઈ ભટ્ટ

• **રકતદાન:** રકતદાન ઓછાં થયા છે તેનો અર્થ એવો નથી કે સર તખ્તસિંહજી હૉસ્પિટલમાં દરદીઓને લોહી આપવાની જરૂરિયાત ઓછી થઈ છે. લોહી આપવાની જરૂરિયાત તો વધતી જ જાય છે. લોહીને બદલે લોહી આપવાની પ્રથા ચાલુ છે. તેથી જે કિસ્સામાં લોહી આપવામાં કુટુંબીજનનું લોહી દરદીના લોહી સાથે મળતું ન આવે ત્યારે જ શિશુવિહારમાં રકતદાન મંડળના સભ્યો પહોંચી જઈને રકતદાન આપે છે.

• **દેહદાન:** દેહદાન મળ્યાં સિવાય એકે મહિનો ખાલી નથી જતો. ડિસેમ્બર માસમાં પણ બે દેહદાન મળ્યાં છે. દાતાઓના નામ છે. સ્વ. શાંતાબહેન પ્રતાપરાય મહેતા, સ્વ. લીલાવતીબહેન જગન્નાથ ત્રિવેદી. આ સાથે અત્યાર સુધીના દેહદાનનો કુલ આંકડો ૮૪નો થયો છે.

• **સંસ્થાના વિવિધ વર્તમાન:**

બુધસભા: પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજી પરમાર સંચાલિત શિશુવિહાર બુધસભાનાં દર અઠવાડિયે કવિઓ તથા લેખકો પોતાની કૃતિઓ રજૂ કરે છે. સાહિત્યપ્રેમી ભાઈ-બહેનો નિયમિત સાંજે ૭ થી ૮ નવસર્જનો આનંદ માણે છે અને જ્ઞાનગોષ્ઠી કરે છે. ડિસેમ્બર માસના બુધવારિયામાં ૬૦ જેટલાં સાહિત્યપ્રેમીઓએ ભાગ લીધો હતો. બુધસભામાં પ્રતિભાશાળી કવિઓ તથા લેખકોને આમંત્રણ આપીને તેઓની સર્જન પ્રક્રિયા વિષે વાર્તાલાપ ગોઠવાય છે. કાપડિયા કૉલેજના હિંદીના પ્રાધ્યાપક શ્રી નામદેવ તારાચંદાણીએ પોતાના સિંધી ભાષામાં રચાયેલ કાવ્યો તથા અન્ય સર્જનો વિશે વાતો કરી હતી. શ્રી નામદેવભાઈનું આધુનિક સિંધી સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન નોંધનીય છે.

### ફેબ્રુઆરી

• **સ્કાઉટ-ગાઈડ:** જાન્યુઆરી માસમાં ૬૬ સ્કાઉટ અને ૨૨ ગાઈડ બહેનો સ્કાઉટ-ગાઈડ સંઘના સભ્ય બનીને રોજ સાંજે નિયમિત સ્કાઉટિંગની તાલીમ લેવા આવે છે. સ્વયંશિસ્ત, સેવા અને જાત સુધારની ભાવનાથી આદર્શ નાગરિક બનવા માટે સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ શ્રેષ્ઠ છે. પોતાનું બાળક આ તાલીમથી વંચિત ન રહે તે માટે માબાપો ખાસ ધ્યાન આપે તો બાળકનું ભાવિ ઉજ્જવળ બનશે. સ્કાઉટ-માસ્ટર તરીકે શ્રી અજય ભટ્ટ, શ્રી જયેશ દવે અને શ્રી અમુલખ રાવળ અમૂલ્ય સેવા આપે છે.

માસ દરમિયાન સ્કાઉટ-ગાઈડના બાળકોને રશિયન સરકસ, જાપાનીઝ સરકસ તથા જંગલી પ્રાણીઓના વન્ય જીવનની વીડિયો કેસેટ બતાવવામાં આવેલ. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાકપર્વની ઉજવણી કરવામાં આવી. સવારે ૭:૩૦ વાગે જિલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘના પ્રમુખ શ્રી ધનજીભાઈ બાલધિયાના (જિલ્લા પંચાયત પ્રમુખ) વરદહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને શાનદાર ધ્વજવંદન થયું. ૨૬ મી જાન્યુઆરીને દિવસે શિશુવિહારમાં સ્કાઉટ-ગાઈડના ભાઈઓ તથા બહેનોની રમત સ્પર્ધા રાખવામાં આવેલ. દરેક તાલીમાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનાર સૌને સંસ્થા તરફી સુખડીનો નાસ્તો આપવામાં આવેલ.

• **પ્રકાશન:** શિશુવિહારના કેટલાંક પ્રકાશનોનો ખૂબ બહોળો પ્રચાર થયો છે. તેમાનું એક પુસ્તક 'નવધા ભક્તિ' છે. આ પુસ્તિકાની હમણાંજ સાતમી આવૃત્તિ છપાઈ છે.

• **બુધસભા:** કર્મવીર સન્યાસી, મહાન દેશભક્ત, ચિંતક અને લેખક સ્વ. સ્વામી આનંદની જન્મ શતાબ્દિ નિમિત્તે બુધસભાના ઉપક્રમે શિશુવિહારમાં જાણીતા કેળવણીકાર શ્રી અમૃતલાલ યાજ્ઞિકનો વાર્તાલાપ રાખેલ. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે શ્રી મનુભાઈ પંચોળી અને અતિથિ વિશેષ તરીકે ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડોલરરાય વસાવડા પધાર્યા હતા. સ્વામિ આનંદના પ્રેરણાદાયક જીવનના સંસ્મરણોથી શ્રોતાજનો પ્રભાવિત બન્યા હતા. શિશુવિહારની બુધસભા દર બુધવારે સાંજે સાત વાગે અવશ્ય મળે છે. તેનું સંચાલન પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજીભાઈ પરમાર કરે છે. બુધસભામાં અનેક કવિઓ પોતાના કાવ્યો રજૂ કરે છે. અહીં જાણીતા કવિ શ્રી નાથાલાલભાઈ દવેનું ઘડિયાળનું કાવ્ય આ પત્રિકામાં રજૂ કરેલ છે.

કટ કટ બોલે છે ઘડિયાળજી,
આયખું તારું કટકે, કટકે, કાપી રહ્યો છે કાળ... ...કટ
આંધી આવ્યે ઓસરી જાશે, જોબન કરો જુવાળજી
ફોરમ મેલી ફૂલ ખરશે, સુકાશે તરુડાળ... ...કટ
શીશીમાં જેમ સરે રેતી એવી આ ઘટમાળજી,
ધામ, ધરા, ધનમાન તજવાં, આખરે અંતરિયાળ... ...કટ
સંગત કેરી રંગત ચડતી, જાય વધી જંજાળજી,
સંકેલો હવે સાથરો, કરો ઓછા આળ પંપાળ... ...કટ
કાયા કેરા કોટ ઘેરાશે, પછી બૂરા થાશે હાલજી,
નાવ નબળી, આભ અંધારા, મોજાઓ વિકરાળ... ... કટ
ચતુર મનવા ચેતીને ચાલો, પૂણ્યની બાંધો પાળજી
છેવટનો સધિયારો થાશે ભાઈ, ધરમની એક ઢાલ... ...કટ

## માર્ચ

• **દાનની કળા:** આપણામાં ધર્મ કરવાની વૃત્તિ છે. દાન કરવાની પણ વૃત્તિ છે. તમે બધાં વરસ દરમિયાન કંઈને કંઈ દાન કરો છો, પરંતુ દાન કરતી વખતે એવો વિચાર કરો છો કે ગમે તેને દાન આપવાથી એ ધર્મકાર્ય સારી રીતે થઈ જાય છે શું? દાન અને ત્યાગમાં ભેદ છે, જે ખરાબ વસ્તુ હોય તેનો આપણે ત્યાગ કરીએ છીએ, એને ફેંકી દઈએ છીએ. ત્યાગનો અર્થ છે ફેંકી દેવું. પરંતુ દાનનો અર્થ ફેંકવું નહીં પણ 'વાવવું' છે. **-પૂજ્ય વિનોબા**

• **સદ્દભાવરી સહાય:** શિશુવિહારની સ્થાપના ૧૯૩૯માં ભાવનગર ફેરી વર્કશોપમાં (બંદર) લોઢાં ટીપનાર આનંદ મંગળ મંડળના રંગીલા શ્રમજીવીઓએ કરી. ત્યારથી તેનું સંચાલન પણ શ્રમ, સ્વાવલંબન અને નિષ્કામ જનસેવાની ભાવનાના રંગ અને ઉમંગથી થતું રહ્યું છે. જનસેવાના આવા કામોના રંગનો સંગ પણ જરૂર લાગે છે. તેથી આ સંસ્થાને છાણાં વીણતી ગરીબ બાઈનાં એક પૈસાથી માંડીને હજારો રૂપિયાનું સ્વેચ્છાથી દાન આપનાર દાતાઓ કાયમ મળતા જ રહ્યાં છે. જનતા જનાર્દનની પ્રેરણાથી ૧૯૮૮ના ફેબ્રુઆરી માસમાં સંસ્થાને દાન મોકલાનાર સર્વે દાતાઓનો હાર્દિક આભાર.

• **૧૦૦૦ ચક્ષુદાન:** શિશુવિહારના શ્રી ર.વિ. ગોસળિયા નેત્રકોષને ભાવનગરમાંથી આજ સુધીમાં મળેલાં ચક્ષેદાનોનો આંકડો એક હજારની સંખ્યા વટાવીને આગળ ધપી રહ્યો છે. ભાવનગરનાં ચક્ષુદાન હૈદ્રાબાદ, દિલ્હી, મદુરાઈ, અમદાવાદ, વીરનગર, સર તખ્તસિંહજી હૉસ્પિટલ-ભાવનગર ઈત્યાદી સ્થળોએ દૃષ્ટિદાનના ઑપરેશનો માટે મોકલાયા છે અને તે દ્વારા સેંકડો અંધજનોને દેખતાં કરાયા છે. આ પરોપકારની પ્રવૃત્તિમાં સંસ્થાને સાંપડેલ લોક-સહકાર અભૂતપૂર્વ છે. શિશુવિહાર તરફથી મોકલાતાં ચક્ષુદાનનો અહેવાલ મદુરાઈની કામરાજ યુર્નિવસિટીની અરવિંદભાઈ આઈ હૉસ્પિટલના મેડિકલ ઑફિસર ડૉ. એમ. શ્રીનિવાસન નિયમિત મોકલતા રહે છે. તેઓએ જાન્યુઆરી ૧૯૮૮માં આંખના સર્જન ડૉક્ટરોની મુંબઈમાં મળેલી પરિષદમાં 'શિશુવિહારના ચક્ષુદાનો વડે થયેલાં દૃષ્ટિદાનના ઑપરેશનનો' એ વિષય પર નિબંધ પણ વાંચ્યો હતો. ૧૯૮૭ના વરસના ડૉ. એમ. શ્રીનિવાસને મોકલેલ અહેવાલ મુજબ શિશુવિહાર તરફથી અરવિંદ આઈ હૉસ્પિટલને ૧૮૭ ચક્ષુદાનો

વિમાન માર્ગે મોકલાયા હતા. તેના વડે ૧૧૫ અંધજનોને દેખતાં કરવાના સફળ ઑપરેશનો થયા હતા. જે ચક્ષુદાનનો ઑપરેશનમાં ઉપયોગ થઈ શકે તેમ નહોતું તેનો દાકતરી વિદ્યાના અભ્યાસમાં તથા સંશોધનમાં સદુપયોગ થયો હતો.

• **સંસ્થા સમાચાર:** આજીવન સભ્યો: સંસ્થા પરિવારમાં એપ્રિલ ૧૯૮૭થી નીચેના ભાઈ-બહેનો રૂ.૧૦૧ ભરી આજીવન સભ્ય બન્યા છે. તે સહુને સહર્ષ આવકારીએ છીએ. શ્રી લક્ષ્મણસિંહ ગોહિલ, શ્રી નટવરલાલ મહેતા, શ્રી સૂર્યકાંત દવે, શેઠ લખમશી લુઢિયા, શ્રી મેઘજીભાઈ ઠક્કર, શ્રી હસનભાઈ બી. રાણપુરી, શ્રી રામભાઈ ધામેલિયા, ડૉ. શ્રી એમ. એમ. ભમગરા, શ્રી પ્રતિમાબહેન દાણી, શ્રી જયંતિકા પંડ્યા, શ્રી જગદીશ ત્રિવેદી, શ્રી દોલતરાય ગોહિલ, શ્રી પ્રબોધભાઈ દિક્ષીત, ડૉ. નીરુબહેન કારેલિયા, શ્રી સીરાઝ રંગવાલા, શ્રી હેમંતકુમાર મહેતા, શ્રી હર્ષદ દોશી, શ્રી યોગેશ મણિયાર, શ્રી જયંતીભાઈ દોશી, શ્રી કાલિદાસ વ્યાસ.

• **બાલમંદિર પૌષ્ટિક આહાર:** બાલમંદિરમાં બાળકોને દરરોજ અપાતા નાસ્તા ઉપરાંત પૌષ્ટિક આહાર યોજના નીચે ગયા ડિસેમ્બર માસથી દરેક બાળકને સવારે ઘરેથી આવે કે તરત સુખડી, મગજ, ખજૂર કે ચણા વગેરે અપાય છે. ફેબ્રુઆરી માસમાં પણ તે ચાલુ રાખેલ અને એપ્રિલ માસમાં પણ ચાલુ રહેશે. આ શુભ કામમાં ભાવનગર રેડક્રોસની સહાય મળતી રહે છે તે બદલ આભાર. વાલીઓને બાળકોના પૌષ્ટિક આહારની યોજનામાં સહાય કરવા વિનંતી.

• **પુસ્તકાલય:** ગોખલેજ્ઞાન મંદિર પુસ્તકાલયની માસની સભ્ય સંખ્યા ૧૮૯ હતી. બધા સભ્યો વચ્ચે ૨૯૦ પુસ્તકો વંચાયા. એપ્રિલ ૧૯૮૮થી શરૂ થતાં નવા વરસમાં પુસ્તક પ્રેમી ભાઈ-બહેનોનને પુસ્તકાલયના સભ્ય બનવા આમંત્રણ છે. પુસ્તકાલય સાથે જોડાયેલ ફ્રી વાંચનાલયનો પણ રોજ સાંજના લાભ લેવા વિનંતી.

• **બુધસભા:** શિશવિહારની બુધસભાના ઉપક્રમે ગુજરાતના જાણીતા ગઝલકાર શ્રી કિસ્મત કુરેશીના વ્યંગ વિનોદ અને કટાક્ષ કાવ્યનો સંગ્રહ ‘પથારી ચાંદ ઉપર’નું વિમોચન થયું. શ્રી શાહબુદ્દીન રાઠોડના આમુખ સાથેનો ૨૭ ગઝલો-હઝલોના આ સંગ્રહની પડતર કિંમત ફક્ત અઢી રૂપિયા છે. ‘ચાંદ પર’ની હઝલમાં કવિ લખે છે:

છેલ્લી તક આપું છું, મચ્છર માકડો તૂટી પડો,
કાલથી થાવાની છે મારી પથારી ચાંદ પર.
ગોદડાં, ગાભા, અને પગરખાં દાનમાં દેતા જશું,
શી ખબર, હોયે કે ના હોયે ભિખારી ચાંદ પર.



• **શિશુવિહાર સ્કાઉટ-ગાઈડ:** સ્કાઉટ ગાઈડનો એક સ્કાઉટ ડે તથા દિક્ષાવિધિ સમારંભ સ્કાઉટિંગ પ્રવૃત્તિનાં આદ્ય સ્થાપક શ્રી બેડન પૉવેલના જન્મ દિવસે યોજાયો. જેમાં ૧૧ સ્કાઉટને મધ્યમ પદની તથા ૭ સ્કાઉટને કોમલપદની દિક્ષા આપવામાં આવી. આ મંગળ દિવસથી સ્કાઉટ ગાઈડ માટે લાઈબ્રેરી શરૂ કરવામાં આવી. તેમજ સ્કાઉટ-ગાઈડ પ્રશ્ન બેંક પણ શરૂ કરાઈ. તેમાં રોજ સામાન્ય જ્ઞાનના બે પ્રશ્ન પૂછાશે અને તેના જવાબ સ્કાઉટ-ગાઈડ શોધી લાવશે.

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડની ૨૧મી રેલી સ્વામિનારાયણ ગુરુકૂળમાં યોજવામાં આવી. તેમાં શિશુવિહારના ૧૧ સ્કાઉટ અને ૯ ગાઈડે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શહેર ને જિલ્લાની કુલ ૪૦ શાળાઓના ૪૦૦ બાળકોએ આ રેલીમાં ભાગ લીધો હતો. ગુરુકૂળના અધ્યક્ષ સ્વામીશ્રી નારાયણ પ્રિયદાસ પુરાણીએ આ રેલી પ્રસંગે રૂ.૧૦૦૦ની સહાય આપી છે.

સ્કાઉટ ગાઈડનાં કાર્યક્રમોના આયોજન માટે ૧૨ સ્કાઉટ-ગાઈડની એક ‘કોર્ટ ઑફ ઓનર’ રચવામાં આવી, જે હવેથી સ્કાઉટ-ગાઈડ માટેની રમતગમત, પ્રવાસ, સ્કાઉટિંગ વિષય, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેનું આયોજન કરશે.સ્કાઉટ-ગાઈડની કતારનું સંચાલન શ્રી અમુલભાઈ તથા અજયભાઈ બહુ સારી રીતે કરી રહ્યા છે. રોજ સાંજે ૬ થી ૭ કતારમાં નિયમિત આવનાર ભાઈઓ તથા બહેનોની સંખ્યા ૮૮ છે.

• **દિવ્યજીવન:** સેવાદળ તરફથી શ્રી પેથરાજ રક્તપિતિયા હૉસ્પિટલમાં સત્સંગ યોજાયો હતો. ડૉ. ઈન્દુબહેન ટિકેકરના શ્રીમદ્ ભાગવત ઉપર સવાર-સાંજ વ્યાખ્યાનો યોજાયા હતા. શ્રીમદ્ ભાગવત એ વર્તમાન યુગની તમામ સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન અને પ્રેરણા આપતો તેમજ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પરિપુષ્ટિ કરતો અદ્‌ભૂત ગ્રંથ છે. તેવી પ્રતીતિ શ્રી ઈન્દુબહેને તેમના પ્રવચનોમાં કરાવી. આ પ્રસંગે કવયિત્રી શ્રી ભાગીરથીબહેન મહેતા લિખિત ‘સ્ત્રી સંત રત્નો’ પુસ્તક વિમોચનો કાર્યક્રમ શ્રી ઈન્દુબહેનના વરદ્‌હસ્તે થયો હતો. શિવરાત્રીના શુભ દિને માનનીય શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને ‘વર્તમાન સમયના સંદર્ભમાં નારી જીવનની સમસ્યાઓ તથા નિરાકરણ’ વિષય પર પરિસંવાદ યોજાયો હતો. શ્રી ઈન્દુબહેને, શ્રી મીરાંબહેન ભટ્ટે તથા શ્રી જ્યોતિબહેન ગાંધીએ આ વિષય પર ચિંતનીય પ્રવચનો આપ્યા હતાં. આ દિશામાં વધુ સઘનકાર્ય કરવાની તાતી જરૂર છે.

• **વૃદ્ધાશ્રમના ટૂંકા સમાચાર**

આશ્રમના અંતેવાસી પ્રત્યેના સદ્દભાવને કારણે વૃદ્ધ મુરબ્બીઓને પૌષ્ટિક નાસ્તો અપાય છે. શ્રી રમણિકલાલ મહેતા, નિશીથકુમાર પારેખ તથા મધુસૂદન દેસાઈએ નાસ્તો આપેલ. તેઓનો સંસ્થા તેમજ આશ્રમના અંતેવાસીઓ વતી આભાર.

• **સત્સંગ પ્રવચન:** ઉત્તર કાશીવાળા સર્વોદયી ડૉ. ઈન્દુબહેન ટીંકકરે 'વૃદ્ધત્વ એ જીવન ધ્યેયને હાંસલ કરવાની પ્રભુદત્ત પૂણ્ય ભેટ છે', એ અંગે મનનીય પ્રવચન કરેલ. ચિંતક અને ઉમદા પ્રકારના વિચારક ડૉ. અરવિંદભાઈ દેસાઈ કે જેમણે નિવૃત્ત જીવનને લોકોપકારી કરવા કુદરતી ઉપચારોનો ઊંડો અભ્યાસ કરીને અંગત આચારથી સિદ્ધ કરેલ વિગતો વૃદ્ધો સમક્ષ રજૂ કરીને આ સ્વયં સંચાલિત માનવયંત્રને તેના અંત સુધી સુદઢ કેમ રાખવું તે વિષે ઉમદા માર્ગદર્શન આપેલ.

• **વાલીબહેન વળિયા સાર્વજનિક દવાખાનું:** આશ્રમવાસીઓ ઉપરાંત આસપાસના જરૂરિયાતવાળા દર્દીઓને તાત્કાલિક સારવાર માટે ચાલતા આ દવાખાનામાં ફેબ્રુઆરી માસમાં ૮૩ દર્દીઓએ સંપૂર્ણ સારવાર લીધેલ હોઈ કુલ સંખ્યા ૧૪,૪૯૭ની થઈ છે.

## એપ્રિલ

• **પંડિત જવાહરલાલજીના વ્યાખ્યાનમાંથી:** બાળકોની કેળવણીનો પ્રશ્ન આવતાં લોકો સામાન્ય રીતે એમ સમજે છે કે ૯-૧૦ વરસની ઉંમરેજ બાળકો ભણવા માંડે છે. પરંતુ લોકો એ સમજતા નથી કે બાળકોની ખરી કેળવણી તો જન્મની સાથે ઘરના આંગણામાંથી જ શરૂ થાય છે. બાળપણની નાની નાની ટેવોમાંથી જ જીવનનું ઘડતર થાય છે. એ જ એનો પાયો છે. જીવનના પાયાની આ તાલીમ બાળકોને માબાપ પાસેથી જ મળવી જોઈએ, તેમ છતાં હકીકતમાં માબાપો આ કાર્યમાં નિષ્ફળ નીવડે છે. અતિશય પ્રેમને કારણે તેઓ બાળકને વધારે પડતા લાડ કરે છે, ખવરાવે પીવરાવે છે, જરાક ઠંડી પડતાં ગરમ કપડાં પહેરાવવા લાગે છે, જરાક ગરમી કે તડકો પડતાં ઘરમાં જ બેસાડી રાખે છે. નથી બાળકને છૂટથી ફરવા દેતાં કે નથી તેને સ્વતંત્રપણે રમવા દેતાં. અતિશય પ્રેમને કારણે જ તેઓ બાળકનું ગુંગળાવી મારી જીવન બરબાદ કરે છે. માબાપ ભણેલાં હોય તેમ છતાં બાળ ઉછેર અને બાળ કેળવણી વિષેનું તેમનું અજ્ઞાન ઘણું વધારે હોય છે. હમણાં જ હું બાળકોને પૂછતો હતો કે તમે એકલા રમશો કે બધાં સાથે મળીને? મારો આ પ્રશ્નની પાછળ સહકારનું તત્ત્વ રહેલું છે. બાળકોને નાનપણથી જ હળીમળીને સાથે રહેવાની કેળવણી મળવી જોઈએ. પણ બને છે એવું કે ઘરનાં જો બે-ત્રણ બાળકો હોય તો રડારડી અને રાડારાડીજ મચી રહે છે. એનું મુખ્ય કારણ તો એ છે કે બાળકો સમક્ષ આપણું મોટાઓનું જીવન સૂમેળભર્યુ નથી હોતુ. આથી ભાંડરડાઓમાં સહકારની ભાવના નથી રહેતી. ખરી વાત એ છે કે છેક નાની ઉંમરથી જ બાળકોમાં સહકારથી-હળીમળીને રહેવાની ભાવના પેદા થવી જોઈએ. જો આ ભાવના બાલ જીવનના પાયામાં ન ઉતરે તો સમજજો કે ભવિષ્યમાં તેના માટેની સર્વ પ્રકારની કેળવણી નિરર્થક જવાની છે. હું આશા રાખું છું કે દેશનાં દરેક ગામડે આવાં બાલમંદિરો ઉઘડશે અને ફૂલશે ફાલશે. (વર્ધામાં તા.૧૦-૭-૪૨ના રોજ બાલમંદિર ખૂલ્લું મૂક્તાં કરેલ વ્યાખ્યાનમાંથી)

• **સંસ્થા સમાચાર:** શિશુવિહાર સંગીત વર્ગ: શ્રી દર્શકભાઈ ઓઝા સંચાલિત સંગીતવર્ગના જે વિદ્યાર્થી ભાઈ-બહેનો બૃહદ ગુજરાત સંગીત સમિતિ (અમદાવાદ)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં તેને પ્રમાણપત્ર તથા ઈનામો આપવાનો વાર્ષિક મેળાવડો શિશુવિહારમાં રાખવામાં આવેલ. મેળાવડાનું પ્રમુખ સ્થાન મહિલા કૉલેજના સંગીતના પ્રાધ્યાપક શ્રી નીતિનભાઈ મૂળેએ શોભાવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે સંગીતવર્ગના વિદ્યાર્થી પંકજભાઈ અને દિનેશભાઈના પિતા શ્રી છગનભાઈ પધાર્યા હતા. સંગીત વર્ગનો વાર્ષિક મેળાવડો ૧૯૭૭થી દર વરસે થાય છે. તેમાં સંગીતવર્ગના વિદ્યાર્થીઓ તથા સંગીત પ્રેમી વાલીઓ તથા શુભેચ્છકો ઉત્સાહભેર ભાગ લે છે. શાસ્ત્રીય સંગીત તથા નૃત્ય વગેરે મનોરંજન કાર્યક્રમ આ મેળાવડાનું ખાસ આકર્ષણ બને છે. આ વખતના મેળાવડામાં શિશુવિહાર બાલમંદિરના નાનકડાં ભૂલકાંઓથી માંડીને સંગીતવર્ગના તમામ નવા જૂના અને નાનાં મોટા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શાસ્ત્રીય સંગીતનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો.

• **પ્રાથમિક સારવાર:** પ્રાથમિક સારવારના વર્ગો નિયમિત ચાલે છે. માર્ચ માસ દરમિયાન ૪ વર્ગો ચાલ્યા. જેમાં કુલ ૧૬૦ ભાઈઓએ તાલીમ લીધી. આ વર્ગનું સંચાલન ડૉ. પ્રકાશકુમાર ભટ્ટ, શ્રી રવુભા જાડેજા અને શ્રી ઈન્દુભાઈ જોશીએ કર્યુ હતું.

• **સીવણ વર્ગ:** શિશુવિહારમાં રાત્રે ૮ થી ૧૦ ચાલતાં ભાઈઓનાં સીવણ વર્ગ અને બપોરે ૩ થી ૫ ચાલતાં બહેનોનાં સીવણ વર્ગનું નવું સત્ર એપ્રિલની પહેલી તારીખથી શરૂ થઈ ગયું છે. બહેનોના વર્ગમાં ૪૦ અને ભાઈઓના વર્ગમાં ૫૦ સંખ્યા છે. સીવણ વર્ગની એક સત્રની ફી ફક્ત રૂ.૩૫ છે. બહેનોના વર્ગનું સંચાલન શ્રી કંચનબહેન ડોડિયા અને ભાઈઓના વર્ગનું સંચાલન શ્રી ધનંજયભાઈ ત્રિવેદી કરે છે. ગયે વરસે સીવણ શીખીને જતાં બહેનોના વર્ગનો વિદાય સમારંભ અન સ્નેહ ભોજનનો મેળાવડો રાખવામાં આવેલ.

# બાળ દેવો ભવઃ

• હે પરમદેવ, બાલદેવના હૈયામાં ઉતરી તેમના જીવનને સાચી રીતે સમજવાની શક્તિ આપો કે જેથી અમે આપના દૈવી સંકેત અને અટલ ન્યાયની દૃષ્ટિથી એમને સમજી શકીએ, ચાહી શકીએ અને એમની સેવા કરી શકીએ. **-મેડમ મોન્ટેસોરી**

• 'જેણે બાળકને સ્વતંત્ર અને સ્વાધીન થવા માટેની અનુકૂળતા કરી આપી છે, તેણે માનવજીવનની સર્વતોમુખી ક્રાંતિ અને આત્યંતિક શાંતિના માર્ગે મનુષ્ય જાતને મૂકેલી ગણાશે.'**-ગિજુભાઈ**

• 'બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલ રતન છે. માણસની કેટલીયે ભાવનાઓ બાળક દ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવીય ગુણોના વિકાસનું સૌથી મહાન અને સૌથી પ્રથમ સાધન બાળક જ છે.'**-એડોલ્ફ જુસ્ટ**

• 'પ્રત્યેક બાળકમાં કાંઈક તેજસ્વીતા રહેલી હોય છે. માતા-પિતા તેના સંવર્ધક બની શકે. જો તે બાળક મહાન સિદ્ધિ પ્રાપ્ત ન કરી શકે તો પણ જિંદગી વધુ સુંદર રીતે જીવી જ શકે છે.' **-બેન્જામિન બ્લૂમ**

• બાળકને જોઈને જે રીઝે, રીઝે બાળક જોઈ જેને, વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયના વંદન તેને. **-ઉમાશંકર જોષી**

• બધાં બાળકોનો જો એમનામાં રહેલ શક્તિઓ પ્રમાણે વિકાસ થાય, તો આ જગત વિભૂતિઓથી ભરાઈ જાય. બીજમાં જેમ વૃક્ષ છૂપાયેલું છે, એમ દરેક બાળકમાં તેના ભાવિની મહાન શક્તિઓ છુપાયેલી જ હોય છે. **-ગેટે (જર્મન કવિ)**

• બાળક સમાન પુરાતન બીજું કાંઇ જ નથી. દેશ, કાળ, શિક્ષણ તથા પ્રણાલી અનુસાર મનુષ્યમાં અનેક પરિવર્તનો થતાં રહ્યાં છે. પરંતુ, બાળક તો હજારો વર્ષ પહેલાં જેવું હતું તેવું ને તેવું આજે પણ રહ્યું છે. **-રવીન્દ્રનાથ ટાગોર**

• બાળકને પોતાની જાતને ઓળખતાં તથા પોતાના પર પ્રભુત્વ પ્રાપ્ત કરતાં શીખવવું એ બાળકને આપેલી સૌથી વધારે સુંદર બક્ષિસ છે

**-શ્રી માતાજી**

• પાછો વળ, પાછો વળ, ઓ, દોડતા સમય, પાછો વળ, આજ પૂરતો મને બાળક બનાવ. **-એલિઝાબેથ એલન**

• ઈશ્વર જે જ્ઞાન ભણેલાઓ અને ડાહ્યાઓથી સંતાડે છે તે બાળકોને દેખાડે છે.**-બાઈબલ**

• તમારાં બાળકો તે તમારાં બાળકો નથી. પણ જનજીવનની પોતા માટેની જ કામનાં તે સંતાનો છે. તે તમારી દ્વારા આવે છે; પણ તમારામાંથી આવતાં નથી અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી. તમે એને તમારો પ્રેમ ભલે આપો, પણ તમારી કલ્પનાઓ નહીં, કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે. **-ખલિલ જિબ્રાન**

• બાળકની પ્રગતિ કરવાની શક્તિમાં અચળ શ્રદ્ધા, બાળકની પ્રગતિ કદાચ ધીમી હોય તો પણ તેને સમજવાની ખામોશી અને બાળકની પ્રગતિના કામમાં અખૂટ ખંત, આ ગુણત્રયી કોઈપણ વ્યક્તિને શિક્ષકપદ માટે લાયક બનાવવા પૂરતી છે. **-હરભાઈ ત્રિવેદી**

• બાળકોના, મા-બાપો પ્રત્યેના પ્રેમનું માપયંત્ર બાળકોની નિખાલસતા અને નિર્ભયતા છે. **-ગિજુભાઈ**

• માત્ર પોતાનાં જ નહિ, પરંતુ બીજા માણસોનાં બાળકોના સાચા ઘડતર તરફ પોતાનું લક્ષ જે મનુષ્ય કેન્દ્રિત કરી રહ્યો છે, તેનાથી વિશેષ દિવ્ય ઉદ્દેશવાળો કોઈ માનવી વિશ્વને વિષે વિચારતો નથી. **-સોક્રેટીસ**

• 'વાલીઓને મારી વિનંતી છે કે તમે તમારાં બાળકોને માયકાંગલાં ન બનાવતા, પણ ટાઢ-તાપ તથા ભૂખ-તરસ વેઠી શકે એવાં બનાવજો. તેમને બરાબર ખવડાવજો પણ કામ કરાવતી વખતે દયા ન ખાતાં. તમારાં બાળકોને મિલકતના વારસ નહીં, સદ્ગુણના વારસ બનાવજો' **-રવિશંકર મહારાજ**

• 'વાર્તા સાંભળવી એ બાળકોનો અધિકાર છે. વાર્તા કહેવી એ વાલીઓની ફરજ છે. આપણે વાલીઓ વાર્તા વાંચીને તથા કહીને બાળકોના આ અધિકારની રક્ષા કરીએ.'**-ગિજુભાઈ**

• 'ઊછળતા-કૂદતા-ખિલખિલાટ કરતા બાળકને ડાહ્યું-ડમરું બનાવી દેવાની ઘેલછા સેવતી વખતે આપણને ભાગ્યે જ ખ્યાલ રહે છે કે એક ચેતન તત્ત્વને જડ બનાવી દેવાનું કામ આપણે કરી રહ્યાં છીએ.'**- જુગતરામ દવે**

• આજે દરેક મા-બાપનું એ પવિત્ર કર્તવ્ય છે કે પોતાનાં લાડકાં બાળકોના વિકાસમાં પોતે મદદગાર થવા માટેની જ્ઞાન સામગ્રી મેળવી લે. બાળકો પ્રત્યે સાચી રીતે જોવાની ખરી દૃષ્ટિ મેળવવામાં બધી જ્ઞાન-સામગ્રી સમાઈ જાય છે.**- તારાબહેન મોડક**

•શિક્ષાથી નહિ, લાલચથી નહિ અને ભેદબુદ્ધિ ઉત્પન્ન કરીને પણ નહિ; આમાંના એકેય સાધન વડે બાળકને વશ કરશો નહિ.**-ગિજુભાઈ**

• પ્રેમ એ શિક્ષણનું રસાયણ છે. પ્રેમ એ શિક્ષણની ગુરુચાવી છે. શિક્ષક પાસે શિક્ષણકળા તો હોવી જોઈએ, પણ એ કળાની સાથે જેમને શીખવવું છે એમને માટે હૃદયમા પ્રેમ હોય તો જ એ બાળકોને સાચું શિક્ષણ આપી શકશે. **-બબલભાઈ મહેતા**

• કેળવણીમાં વિજયની ચાવી છે, તેમાં જો આપણે વિજય પામીશું તો સર્વત્ર વિજય જ છે. **-ગાંધીજી**

• જ્યાં સુધી શાળામાં અને ઘરમાં બાળકોને શિક્ષા કરવામાં આવે છે ત્યાં સુધી પશુયુગ ચાલ્યો ગયો છે, એમ કહેનારો પશુઓ સિવાય બીજા કોઈ હોઈ શકે નહિ. **-ગિજુભાઈ**

• જ્યાં સુધી સમાજ-કલ્યાણને નિસ્બત છે ત્યાં સુધી ઘર જેવી કોઈ બીજી બુનિયાદી શાળા નથી, ઘર જેવી કોઈ માધ્યમિક શાળા નથી ને ઘર જેવું કોઈ વિશ્વવિદ્યાલય નથી અને માથી મોટો કોઈ મહા-આચાર્ય કે કુલપતિ નથી. **-ચક્રવતી રાજગોપાલાચારી**

• કેળવણીના ક્ષેત્રમાં શિક્ષકો પોતાની વાણીથી શીખવે તેના કરતાં પોતાના જીવનથી (વ્યવહાર-આચરણથી) શીખવે તેની ઘણી મોટી કિંમત છે. **-નાનાભાઈ ભટ્ટ**

• આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ. છતાંય શાંતિ સ્થપાતી નથી, કારણ કે બાળપણમાં માણસના ચિત્તમાં સમભાવના, સંવેદના  પ્રગટ થવાની તક મળી નથી. ક્રમિકતાનો અનુભવ નથી મળ્યો. ચિત્તમાં પરભાવના ઊછરતી રહી છે. પછી મોટી ઉંમરે ઘણી મથામણો કરો પણ સમય ચુકાઈ ગયો હોય છે. **-મનુભાઈ પંચોલી**

• સાચો શિક્ષક બાળકોને ભૂતકાળનો ખ્યાલ આપીને ભવિષ્યના દરવાજા સુધી પહોંચાડે છે. આજ સુધી દુનિયાએ શું કર્યું તેનો ખ્યાલ આપીને આવતીકાલે માનવજાતે શું કરવાનું છે તેનું સૂચન કરે છે. **-સાને ગુરુજી**

• વિશ્વમાં એક પણ બાળક દુ:ખિયારું હોય ત્યાં સુધી કોઈ પણ શોધ મહાન ગણી શકાય નહિ, કે કોઈ પણ પ્રગતિ ભવ્ય કહેવાય નહિ.

સાભાર સૌજન્ય: નૂતન બાળશિક્ષણ સંઘ

## શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ
## પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ

**પ્રવૃત્તિ વર્ષ : ૨૦૧૨-૨૦૨૨**





**: સહયોગ :**

**શ્રી શૈલાબહેન પ્રફુલકુમાર સૂચક પરિવાર - શ્રી રસુબહેન પ્રેમશંકરભાઈ ભટ્ટ પરિવાર**



## આંગણવાડી સાધન-સહાય અને શિક્ષક-પ્રશિક્ષણ

બાળકેળવણીકારો અને બાળ મનોવૈજ્ઞાનિકો એવું કહે છે કે વ્યક્તિના જીવન વિકાસનો અતિ મહત્વનો તબક્કો ૦ થી ૫ વર્ષ સુધીનો છે. વ્યક્તિ પોતાની સમગ્ર જિંદગીમાં જે શીખે છે તેમાનું ૮૦% શિક્ષણ આ સમયગાળામાં મેળવે છે. બાળકોના ઈન્દ્રિય શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટેના આ ઉત્તમ સમયમાં બાળકેળવણીના પાયાના કાર્યને અમલી બનાવવા ગુજરાત રાજ્યના સંકલિત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ભાવનગર શહેરમાં આવેલી ૩૧૬ આંગણવાડીઓને સાધનોથી સજ્જ કરવા તથા તેની કાર્યકર બહેનોને પ્રશિક્ષિત કરવા માટેનું આગવું અભિયાન શિશુવિહાર સંસ્થાએ વર્ષ ૨૦૧૨ થી શરૂ કરેલ છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકેળવણી આનુષંગિક સાધનો, રમકડાં, સાહિત્ય વગેરે આપવાની સાથે તેના યોગ્ય ઉપયોગ માટે આંગણવાડીના બહેનોને પ્રશિક્ષિત કરવા માટે તજજ્ઞો અને નિષ્ણાતો દ્વારા તાલીમ કાર્યશાળાઓ પણ યોજવામાં આવે છે. અને સમયાંતરે તેના પ્રતિભાવો પણ મેળવવામાં આવે છે.

સંસ્થા દ્વારા ગત ૧૦ વર્ષ દરમિયાન બાળકોને આસપાસની દુનિયાનો પરિચય થાય તે માટે પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિ, ફળો, શાકભાજી, અંક, શબ્દ વગેરેના શૈક્ષણિક ચાર્ટ્સ, પપેટ્સ અને તેનાં ઉપયોગ માટે બાળ-વાર્તાઓ અને બાળગીતોની પુસ્તિકાઓ તેમજ સીડી, ફર્સ્ટએઈડ બોક્સ, સંગીતના સાધનો (ઢોલક, ખંજરી અને મંજીરા) ઈત્યાદી શહેરની ૩૧૬ આંગણવાડીઓને આપવામાં આવેલ છે.

ઉપરાંત ભાદ્રપદ માસમાં પિતૃશ્રાધ્ધ-તર્પણની પરંપરાનો અનેરો મહિમા છે. ત્યારે પિતૃઓની સ્મૃતિમાં પૂજા-પાઠના સ્થાને આંગણવાડીઓમાં આવતા બાલદેવોની વંદના કરી, બાળઘરોને સજ્જ કરવાની શિશુવિહારની વિનંતી દાતાઓને સ્પર્શી ગઈ અને શ્રાધ્ધ પક્ષની અમાસ પ્રસંગે કુટુંબીજનોની સ્મૃતિમાં યોજાતા સેવાયજ્ઞમાં સહયોગી બને છે. આંગણવાડીને સાધનો આપવાના કાર્યક્રમો સાથે બાળકોને જમાડવામાં આવે છે તેમને વોટરબેગ, લંચબોક્સ પ્રકારે સાધનો ભેટ આપવામાં આવે છે.

### પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન હેતુ અર્થે શિશુવિહાર સંસ્થા દ્વારા શહેર આંગણવાડીમાં કાર્યકર તાલીમ બાદ મૂકવામાં આવેલ સાધનો

| વર્ષ | લાભાર્થી આંગણવાડીઓની સંખ્યા | શૈક્ષણિક સાધનની તાલીમ અને વિગત | સહાય રૂા. |
|---|---|---|---|
| ૨૦૧૨ | ૨૭૫ | બાળ વિકાસ આનુષંગિક ૧૦ ચાર્ટ | ૨,૨૦,૦૦૦/- |
| ૨૦૧૩ | ૨૭૫ | બાળ વાર્તા, જોડકણાં, ગીત તાલીમ માટે ૫ પપેટ્સનો સેટ, માર્ગદર્શિકા | ૯૬,૨૫૦/- |
| ૨૦૧૪ | ૨૭૫ | ફર્સ્ટએઈડ તાલીમ અને ફર્સ્ટએઈડ બૉક્સ | ૧,૧૧,૦૦૦/- |
| ૨૦૧૫ | ૨૭૫ | બાળ અભિનય ગીત તાલીમ, પુસ્તિકા અને સી.ડી. | ૬૮,૭૫૦/- |
| ૨૦૧૬ | ૨૭૫ | સંગીતના સાધનો (ઢોલક, મંજીરા જોડ, ખંજરી)નું વિતરણ | ૧,૯૨,૫૦૦/- |
| ૨૦૧૭ | ૨૭૫ | મૂળાક્ષર, રંગ, આકાર અભિવ્યક્તિ તાલીમ અને ૧૦ ચાર્ટ | ૨,૨૦,૦૦૦/- |
| ૨૦૧૮-૧૯ | ૩૧૪ | ક્રાફ્ટ ટ્રેનિંગ, માર્ગદર્શક પુસ્તિકા અને ક્રાફ્ટ કિટ | ૨,૦૪,૧૦૦/- |
| ૨૦૨૦ | ૩૧૪ | કોરોના સંરક્ષણ માર્ગદર્શન અને હેન્ડવૉશ બોટલ | ૩૯,૨૫૦/- |
| ૨૦૨૧ | ૩૧૬ | મોન્ટેસોરી પદ્ધતિથી તાલીમ અને ૧૦ ચાર્ટ | ૨,૫૨,૮૦૦/- |
| ૨૦૨૨ | ૩૧૬ | આંગણવાડી સંચાલન અને બાળ શિક્ષણની પદ્ધતિ | ૧,૭૩,૮૦૦/- |
| | | **બાળશિક્ષણને સુદૃઢ કરવા યોજેલ ૧૦ તાલીમો થકી શિશુવિહાર સંસ્થાનો કુલ સહયોગ** | **૧૫,૭૮,૪૫૦/-** |

## આંગણવાડી કુપોષિત બાળકો માટે પોષક આહાર

ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત ૨૭૫ આંગણવાડીમાં આવતાં બાળકો પૈકી અતિકુપોષિત ભૂલકાંઆને હૈદ્રાબાદ મિક્ષ્ચર નામે પોષક આહાર (સુખડી)ના ૮૦૨૫૬ પેકેટ અપાતા વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૦ દરમિયાન આઈ.સી.ડી.એસ. ઘટક-૧ના ૧૧૯૭ અને ઘટક-૨ના ૧૪૦૭ એમ કુલ ૨૬૦૪ બાળકો કુપોષિત અવસ્થામાંથી બહાર આવ્યાં છે.

પ્રત્યેક બાળકને અઠવાડિયે ૪ પોષક આહારના ખોરાક થકી નિયમિત રીતે ૧૧.૯૦% ફેટ, ૨૬.૬૮% ગ્લુકોઝ તથા ૭૩.૨૭% કાર્બોહાઈડ્રેટ સાથે ફોલિક એસિડ અને આયર્ન અપાતા શ્રમિક બાળકોને નોંધનીય લાભ પહોંચ્યો છે. ૭ વર્ષ સુધી ચાલેલ પોષક આહાર પ્રવૃત્તિમાં પ્રતિવર્ષ શહેરની જાણીતી ઔદ્યોગિક સંસ્થા મધુસિલિકા સહભાગી બને છે. વર્ષ ૨૦૧૬-૧૭થી દાસ પેંડાવાલા તેમના આધુનિક વર્કશોપમાં ગુણવત્તાયુક્ત સુખડી બનાવી આપવામાં સહયોગી બન્યાં છે. પોષણયુક્ત સુખડી વિતરણના વૈજ્ઞાનિક અભિગમથી ગરીબ બાળકોના સ્વાસ્થ્યમાં નોંધનીય ફરક આવ્યો છે. ગુજરાત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ શિશુવિહારની આ પ્રવૃતિની સરાહના કરવામાં આવી છે.

| વર્ષ | લાભાર્થી આંગણવાડીઓની સંખ્યા | લાભાર્થી અતિકુપોષિત બાળકોની સંખ્યા | પેકેટની સંખ્યા | ૭ વર્ષમાં કુપોષણ મુક્ત બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૦૧૪-૨૦ | ૨૭૫ | ૨૬૨૫ | ૫,૬૧,૭૯૨ | ૨૬૦૪ |






કલેક્ટરશ્રી તથા દાતાશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પોષક આહાર કાર્યક્રમનો પ્રારંભ થતાં આંગણવાડીમાં બાળકોને વિતરણ



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

પરામર્શ સમિતિ
શ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી દક્ષાબહેન ગોહેલ, શ્રી મનિષા કણબી

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA